નિયામકશ્રી વિ.જા.ક.) ની ઉચ્ચક બિલો અંગેની
વર્ગીકૃત યાદી બહાર પાડવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ મકમ/૧૦૨૦૧૭/૨૫૨૬૨૬/અ,
સચિવાલય,ગાંધીનગર.
તા. /૫/૨૦૧૭
- 8 MAY 2017

સંદર્ભ ક્રમાંકઃ-(૧) નાણા વિભાગના તા.૩૦/૪/૨૦૦૨ના પરીપત્ર ક્રમાંકઃ તજર/૧૦૦૨/૪૩૫/ઝ
(૨) નિયામકશ્રીના તા.૨૫/૪/૨૦૧૭ના પત્ર ક્રમાંકઃ વિજાક/હસબ/૨૦૧૭-૧૮/૨૨૧

આમુખઃ-

ગુજરાત તિજોરી નિયમો-૨૦૦૦ ના નિયમ-૨૧૦ હેઠળની નોંધઃ ૫ મુજબ સરકારશ્રીના વહીવટી વિભાગોએ તેમના નિયંત્રણ હેઠળના ઉપાડ અને ચૂકવણી અધિકારીઓ ધ્વારા જુદી જુદી બાબતો અંગે કરવામાં આવતા ખર્ચનો અભ્યાસ કરીને ઉચ્ચક બિલથી નાણા ઉપાડવા અંગેની બાબતો વર્ગીકૃત કરીને તે અંગેની યાદી બહાર પાડવા સંદર્ભ ક્રમાંક(૧) માં દર્શાવેલ નાણા વિભાગ ના તા.૩૦/૪/૨૦૦૨ના પરીપત્રથી જરૂરી સૂચનાઓ આપવામાં આવેલ છે. જે સંદર્ભે જરૂરી યાદી બહાર પાડવા સંદર્ભ ક્રમાંક(૨) માં દર્શાવેલ નિયામકશ્રીના તા.૨૫/૪/૨૦૧૭ના પત્રથી દરખાસ્ત કરવામાં આવેલલ હતી. જે દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

## ઠરાવઃ-

પુખ્ત વિચારણાના અંતે નીચે જણાવેલ ઉચ્ચક બિલ અંગેની વર્ગીકૃત યાદી આથી બહાર પાડવામાં આવે છે.

૧. નવા વાહનો ખરીદી અંગેના બિલો.
૨. વાહનોના વીમા, પેટ્રોલ/ડીઝલ, રીપેરિંગ, નવી બેટરી, ટાયર, ટયુબ ખરીદી અંગેના બિલો.
૩. નવા યંત્રો કે મશીનરી ખરીદી તેમજ રીપેરિંગ અંગેના બિલો.
૪. કચેરી રીનોવેશન તેમજ કચેરી માટે ફર્નિચર ખરીદી અંગેના બિલો.
૫. ઇલેક્ટ્રીક આઇટમો ખરીદી/રીપેરિંગ તથા વાર્ષિક મેન્ટેનન્સ ચૂકવણી માટેના બિલો.
૬. વીજળી/ટેલિફોન બીલોની ચૂકવણી માટેના બિલો.
૭. લો એન્ડ ઓર્ડરને લગતા બિલો.

૮. સરકારી છાત્રાલયોના રીનોવેશન તેમજ વીજળી, ગેસના બિલો.

૯. એવોર્ડ વિતરણ સહાયના બિલો.

૧૦. છાત્રાલય, નિવાસી શાળાઓના ભૂમિ પૂજન તેમજ લોકાર્પણ પ્રસંગોએ થનાર ખર્ચના બિલો.

૧૧. બક્ષી આયોગ/પી.આર.સી./પી.એ.સી. કમિટી પ્રસંગે થનાર ખર્ચ ના બિલો.

૧૨. જિલ્લા કચેરીઓની મીટીંગ પ્રસંગે થનાર ખર્ચ અંગેના બિલો.

૧૩. કચેરીના સ્ટેશનરી અંગેના બિલો.

આ હુકમો વિભાગના અગ્ર સચિવશ્રીને મળેલ સત્તાની રૂએ બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપલશ્રીના હુકમથી અને તેમના નામે.

(એસ.જે.પરમાર)
સેકશન અધિકારી,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- નિયામકશ્રી, વિકસતિ જાતી કલ્યાણ ખાતુ, બ્લોક નં.૪/૩, ડો.જીવરાજ મહેતા ભવન, ગુજરાત રાજય, ગાંધીનગર.
- સર્વે જિલ્લા નાયબ નિયામક/સમાજ કલ્યાણ અધિકારી (વિ.જા) ( નિયામકશ્રી મારફત)
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, 'ઝ' શાખા, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- ના.સે.અધિ.શ્રી સિલેકટ ફાઇલ.
- સિલેકટ ફાઇલ.